67

# SOHAM

## An International Multidisciplinary Peer Reviewed Research Journal

ISSN: 2350-0697

Impact Factor 2.021

Volume-9 Issue-1 July - Sep. - 2016

Editor – In – Chief
Dr. Dilkhush U. Patel

Executive Editor
Prof. Tushar S. Brahmbhatt

Scanned with CamScanner

Ref. No. IIJIF1660
DOI: 23-Sep-2016

International Innovative Journal Impact Factor (IIJIF)

# CERTIFICATE OF INDEXING (JIF-2016)

This Certificate is Awarded to

## *SOHAM: An International Multidisciplinary Peer reviewed Research Journal*

*(p-ISSN: 2350-0697)*

The above Journal has been positively evaluated by our team in the IIJIF Journal's Imact Factor evaluation Process

JIF (Journal Impact Factor value for 2015-16) is 2.021

Manager

www.iijif.com

*Journal Impact Factor Value is valid for one year from the date of issuance of Certificate*



Scanned with CamScanner

ISSN: 2350-0697
Impact Factor (IIJIF): 2.[illegible]

## Content of the Table


| No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1. | Rasa in Absurd Drama | Dr. Hetal S. Patel<br>Dr. Dilip C. Patel | 01 |
| 2. | Occupational Stress and Job Satisfaction of employs of LIC and Bank | Dasharath Parmar | 08 |
| 3. | A Comparative Study of children in relation to their Stress | Rajesh H. Parmar | 15 |
| 4. | Stress and Mental Health among Private and Government Teachers | Nitesh N. Patel | 21 |
| 4. | कौटिल्य अर्थशास्त्र में राष्ट्रीयता | डॉ. मंजुलाबेन पटेल | 27 |
| 5. | राजभाषा हिन्दी : संवैधानिक स्थिति | डॉ. रावत डेर | 30 |
| 6. | ચાણક્યનું અર્થશાસ્ત્ર | મહેશ ચૌધરી<br>પટેલ રાકેશકુમાર | 35 |
| 7. | સંશોધનમાં માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ | ડૉ.હનીફ નાંદોલીયા | 40 |
| 8. | ચન્દ્રલેખા વિજય પ્રકરણ રૂપક પ્રકાર એવં પ્રયોગશીલતા . | પટેલ નિલેશ જી | 54 |
| 9. | સહસલિંગ તળાવનું ઐતિહાસિક અધ્યયન | એમ.આર.અડીયોલ | 58 |
| 10. | Self-Reliance and Self Confidence | Rekha Gauswami | 70 |
| 11. | Weak Contraction (c-f) in Cone Metric Spaces | Jatin S Patel | 72 |
| 12. | आधुनिक युग में वेद एवं विज्ञान की प्रासंगिकता | डॉ.रीटा एच. पारेख | 81 |
| 13. | दलितोत्थान और 'मुक्तिपर्व' | डॉ.सुरेश पी. पटेल | 88 |
| 14. | મહાભારતકાલિન રાજાના ગુણ-કર્તવ્ય : આધુનિક સંદર્ભમાં | ડૉ. સુરેખા કે પટેલ | 92 |
| 15. | હિતોપદેશમાં સ્ત્રી | ડૉ. વર્ષા એચ. પટેલ | 99 |
| 16. | વૈદિક પર્યાવરણની દૃષ્ટિએ વાયુ પ્રદુષણ અટકાવવાના ઉપાયો | યોગરાજ એ. મહેતા | 104 |
| 17. | દિલીપ રાણપુરા કૃત 'સૂકી ધરતી સૂકા હોઠ' ની ભાષાકલા | વિનોદ.એ.ચૌધરી | 109 |
| 18. | ગુજરાતમાં ઈરાની ડાયસ્પોરા-પારસી પ્રજાના સંદર્ભમાં | ડૉ.કે.જી.પટેલ | 118 |




Scanned with CamScanner

Volume IX, Issue I, July – September: 2016

ISSN: 2350-0697
Impact Factor (IIJIF): 2.021

# મહાભારતકાલિન રાજાના ગુણ-કર્તવ્ય : આધુનિક સંદર્ભમાં

**ડૉ. સુરેખા કે. પટેલ**
સંસ્કૃત વિભાગ
જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર.

મહર્ષિ વેદવ્યાસ રચિત 'મહાભારત' ગ્રંથ સંસ્કૃત સાહિત્યનો આધારસ્તંભ છે તેમજ ભારત વર્ષની ઐતિહાસિક માહિતી પ્રદાન કરતો પ્રમાણભૂત ગ્રંથ છે. બહુમૂલ્ય 'ગ્રંથરત્ન' સમાન આ ગ્રંથને સાહિત્ય વિવેચકોએ 'પાંચમો વેદ' કહયો છે, તો આદિપર્વમાં તેને 'કાર્ષ્ણવેદ' પણ કહ્યો છે.[1] ભારતીય વિદ્વાનો દ્વારા જેમનું આદરથી ગૌરવ કરવામાં આવ્યું છે, તેવો 'મહાભારત' ગ્રન્થ વિશ્વસાહિત્યનું સ્થાન લેનાર અદભૂત ગ્રંથ જ નહિ, પરંતુ શ્રેષ્ઠ સંસ્કૃતિનો જીવંત દસ્તાવેજ કહી શકાય. તેથી જ મહાભારતકારે કહ્યું છે -

'धर्मे चार्थे च कामे च मोक्षे च पुरुषर्षभ ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् कश्चित्' ॥
महाभारत - आदिपर्व : २/२०

'મહાભારત' ગ્રંથ વૈદિક અને લૌકિક સંસ્કૃત સાહિત્યના સેતુ સમાન છે. તેમાં માત્ર કૌરવો-પાંડવોનો ઈતિહાસ જ નથી. પરંતુ માનવ- જીવનની તમામ સમસ્યાઓ અને તેનો સનાતન ઉકેલ છે. તેથી તે ધર્મગ્રંથ પણ છે.

'રાજનીતિ' અને 'રાજ્યવ્યવસ્થા'નું ખૂબ જ વિશદ વર્ણન 'મહાભારતમા'માં કરવામાં આવ્યું છે, જે આધુનિક સમાજની રાજનૈતિક આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે અને ત્રુટિઓને દૂર કરવામાં અત્યંત ઉપયોગી નીવડે તેમ છે. મહાભારતકારે ઉત્તમ સમાજ નિર્માણ માટે 'રાજા' ને જ જવાબદાર ગણ્યો છે. 'મહાભારત' સભાપર્વ, શાન્તિપર્વ, ભીષ્મપર્વ, અનુશાસનપર્વ આદિમાં રાજનીતિ, રાજ્ય વ્યવસ્થા સંબંધી વિષયોનું વર્ણન જોવા મળે છે. 'મહાભારત'ના શાન્તિપર્વ (અધ્યાય-૫૯ થી ૧૩૦) માં એક સ્વતંત્ર ઉપપર્વ 'રાજધર્મપર્વ' માં તો રાજધર્મ વિશેની વિગતે ચર્ચા જોવા મળે છે. મહાભારતમાં 'રાજધર્મ' ને અત્યંત મહત્વનો ગણવામાં આવ્યો છે. સર્વધર્મમાં રાજધર્મ પ્રધાન છે.[2]

મહાભારતકારે બૃહસ્પતિ, ભારદ્વાજ, ગૌરશિરા, કાવ્ય, મહેન્દ્ર, વિશાલાક્ષ અને શબરનાં નામો રાજધર્મના આચાર્યો કે વ્યાખ્યાતાઓ તરીકે 'મહાભારત શાન્તિપર્વ' (૫૮/૧-૩, ૧૦૨/૩૧, ૩૨) માં નોંધવામાં આવ્યાં છે. મહાભારતકારે રાજા અને પ્રજાનો સંબંધ બહુ નિકટનો બતાવ્યો છે. એટલે સુધી કે રાજાને સમસ્ત પ્રજાનો 'પિતા' કહ્યો છે.[3] અહી આ અભ્યાસલેખમાં મહાભારતકારની દૃષ્ટિએ રાજ્યવ્યવસ્થા સુચારુ- રૂપે ચલાવવામાં રાજાના ગુણ અર્થાત્ રાજા કેવો હોવો જોઈએ તથા તેનું કર્તવ્ય શું હોવું જોઈએ તે સંદર્ભે ચર્ચા કરવામાં આવશે.



Scanned with CamScanner